Extra No. 80

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. L] MONDAY, JUNE 22, 2009/ASADHA 1, 1931**

**Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.**

**PART IX**

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જૂન, ૨૦૦૯.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૧૯મી મે, ૨૦૦૯ના ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/એલ/૧૦-૨૦૦૯/વીએનપી/૧૦૨૦૦૫/સી.એસ.-૨૪-છ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આઈ. એ. પરમાર,**
સરકારના સંયુક્ત સચિવ.

**Notification**

***Regarding***

**THE GUJARAT MAINTENANCE AND WELFARE OF PARENTS AND SENIOR CITIZENS RULES, 2009.**

**ગુજરાત માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબતના નિયમો, ૨૦૦૯ સંબંધી જાહેરનામું.**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી મે, ૨૦૦૯.

**માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબતનો અધિનિયમ, ૨૦૦૭.**

**ક્રમાંક :** જી/એલ/૧૦-૨૦૦૯/વીએનપી/૧૦૨૦૦૫/સી.એસ.-૨૪/છ .- માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબતનો અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૭ના ૫૬મા) ની કલમ ૩૨થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છેઃ-

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ :-**

(૧) આ નિયમો, ''ગુજરાત માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબતના નિયમો, ૨૦૦૯'' કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.

**૨. વ્યાખ્યા :-**

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો ,-

(ક) '' અધિનિયમ'' એટલે માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબતનો અધિનિયમ, ૨૦૦૭ ;

(ખ) ''વિભાગ'' એટલે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર;

(ગ) ''નિયામક'' એટલે સમાજ સુરક્ષા નિયામક, ગુજરાત સરકાર;

(ઘ) ''જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી'' એટલે સમાજ સુરક્ષા પ્રવૃત્તિઓ ચલાવવા માટે રાજ્ય સરકારે જિલ્લામાં નીમેલા અને તે નામાભિધાન ધરાવતા અધિકારી;

(ચ) ''નમૂનો'' એટલે આ નિયમોને જોડેલો નમૂનો;

(છ) ''ભરણપોષણ''માં વ્યક્તિના સામાન્ય જીવન માટે જરૂરી ખોરાક, કપડા, આશ્રય, તબીબી શુશ્રૂષા, દવાઓ, સારવાર અને અન્ય સંલગ્ન સેવાઓ પૂરી પાડવા માટેની જરૂરી રકમનો સમાવેશ થાય છે;

(જ) ''ભરણપોષણ અધિકારી'' એટલે અધિનિયમની જોગવાઇઓ હેઠળ રાજપત્રમાં જાહેરનામાથી, રાજ્ય સરકારે એવા મુકરર કરેલા અધિકારી;

(ઝ) ''રાજ્ય સરકાર'' એટલે ગુજરાત સરકાર.

**૩. ટ્રિબ્યુનલની રચના :**

(૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમની કલમ ૫ હેઠળ ન્યાય નિર્ણય કરવાના અને ભરણપોષણ માટેના હુકમનો નિર્ણય કરવાના હેતુ માટે, દરેક પેટા-વિભાગ માટે ટ્રિબ્યુનલ અથવા યથાસંગ, ટ્રિબ્યુનલોની હકુમતનો વિસ્તાર નિર્દિષ્ટ કરતી એક અથવા તેથી વધુ ટ્રિબ્યુનલોની રચના કરશે. આવી દરેક ટ્રિબ્યુનલ અથવા ટ્રિબ્યુનલો આવા જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે :

પરંતુ કોઇ વિસ્તાર માટે બે અથવા તેથી વધુ ટ્રિબ્યુનલોની રચના કરવામાં આવે ત્યારે, રાજય સરકાર, ખાસ અથવા સામાન્ય હુકમથી તે ટ્રિબ્યુનલો વચ્ચેના કામકાજની વહેંચણીનું નિયમન કરશે.

(૨) સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી અથવા રાજય સરકાર હેઠળ તેની સમકક્ષનો હોદો ધરાવતી વ્યકિત ટ્રિબ્યુનલનું અધ્યક્ષસ્થાન લેશે. રાજય સરકાર યોગ્ય ગણે તો ટ્રિબ્યુનલમાં એક અથવા તેથી વધુ સભ્યો હોઇ શકશે.

**૪ તપાસના કિસ્સામાં સંક્ષિપ્ત કાર્યપધ્ધતિ અને ટ્રિબ્યુનલની સત્તા અને હકૂમત :-**

(૧) કલમ ૫ની પેટા-કલમ (૧) હેઠળ ભરણપોષણ માટેની અરજી નમૂના-૧માં એક અથવા તેથી વધુ વ્યકિતઓ વિરૂધ્ધ કરી શકાશે પરંતુ આવા સંતાનો અથવા સગાસંબંધીઓ ભરણપોષણ માટેની અરજીમાં માતાપિતા અથવા વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ માટે જવાબદાર અન્ય વ્યકિત વિરૂધ્ધ દાવો માંડી શકશે.

(૨) કલમ ૫ હેઠળની કાર્યવાહીઓ-

(ક) તે તેણી જયાં રહેતી હોય અથવા છેલ્લે રહેલી હોય, તે કોઇ જિલ્લામાં :

અથવા

(ખ) સંતાનો અથવા સગાસંબંધી (ઓ) રહેતા હોય, તે જિલ્લામાં કોઇપણ સંતાન અથવા સગાસંબંધીની વિરૂધ્ધમાં કરી શકાશે.

(૩) સંતાનો અથવા સગાસંબંધીઓ ભારતની બહાર રહેતા હોય ત્યારે, ટ્રિબ્યુનલ, સમન્સની બજવણી કેન્દ્ર સરકાર, આ અર્થે રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી મારફત કરશે.

(૪) ટ્રિબ્યુનલને, સોગંદ પર પુરાવો લેવાના હેતુ માટે અને સાક્ષીઓને હાજર રહેવા માટે ફરમાવવાના હેતુ માટે અને દસ્તાવેજો ગટ કરવા માટે અને મહત્વની વસ્તુઓ રજૂ કરવાની ફરજ પાડવાના હેતુ માટે અને રાજપત્રમાં જાહેરનામાથી, વખતોવખત ઠરાવવામાં આવે તેવા બીજા હેતુઓ માટે દીવાની કોર્ટની તમામ સત્તા રહેશે; અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૫ અને કલમ-૨૬ના તમામ હેતુઓ માટે ટ્રિબ્યુનલ પોતે દીવાની કોર્ટ હોય તેમ ગણાશે.

(૫) ટ્રિબ્યુનલ, સંતાનો અથવા સગાસંબંધીઓને અરજીની નોટીસ આપ્યા પછી, પક્ષકારોને સુનાવણીની તક આપીને, ભરણપોષણની રકમ નક્કી કરવા માટે તપાસ હાથ ધરશે.

(૬) ટ્રિબ્યુનલ, ભરણપોષણ માટેના કોઇ દાવાનો ન્યાયનિર્ણય કરીને, તેનો નિર્ણય કરવાના હેતુથી પોતે કરવાની પૂછપરછ સંબંધી કોઇ બાબતની ખાસ જાણકારી ધરાવતી એક અથવા તેથી વધુ વ્યક્તિઓને તપાસમાં પોતાને સહાય કરવાના હેતુથી પસંદ કરી શકશે.

(૭) ટ્રિબ્યુનલ, કલમ ૫ હેઠળની અરજીની સુનાવણી કરતાં પહેલા તેને જ સમાધાન અધિકારીને પુછાણ માટે મોકલી આપશે અને આવા સમાધાન અધિકારીએ પોતાના તારણો એક મહિનાની અંદર રજૂ કરવા જોઇશે; અને સુખદ સમાધાન ન થાય તો ટ્રિબ્યુનલ તે મતલબનો હુકમ કરશે.

**સ્પષ્ટીકરણ** : ''સમાધાન અધિકારી'' એટલે કલમ ૫ ની પેટા-કલમ (૧) ના સ્પષ્ટીકરણમાં ઉલ્લેખેલી કોઇ વ્યકિત અથવા સંસ્થાના પ્રતિનિધિ અથવા રાજય સરકારે કલમ ૧૮ની પેટા-કલમ (૧) હેઠળ મુકરર કરેલા ભરણપોષણ અધિકારીઓ અથવા ટ્રિબ્યુનલે આ હેતુ માટે નામનિયુકત કરેલી બીજી કોઇપણ વ્યકિત.

(૮) રાજય સરકાર, રાજયના દરેક જિલ્લામાં, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને ભરણપોષણ અધિકારી તરીકે મુકરર કરશે.

(૯) ટ્રિબ્યુનલ કેસની કાર્યવાહીઓ દરમિયાન તમામ પુરાવા ભરણપોષણની ચુકવણી માટેની ફરિયાદ જેની સામે કરેલી હોય તે સંતાન અથવા સગાસંબંધીઓની હાજરીમાં એકત્રિત કરશે અને આવા પુરાવા સંક્ષિપ્ત કેસો (સમરી કેસ) માટે ઠરાવેલી રીતે નોંધવાના રહેશે:

પરંતુ ટ્રિબ્યુનલને એમ માનવાને કારણ હોય કે જેના પુરાવા નોંધવાના છે તે સંતાનો અથવા સગાસંબંધીઓને ઈરાદાપૂર્વક ટાળે છે અથવા ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થવા માટે ઈરાદાપૂર્વક બેદરકારી દાખવે છે, તો ટ્રિબ્યુનલ, કેસની એકતરફી સુનાવણી શરૂ કરી શકશે.

(૧૦) ટ્રિબ્યુનલ, ભરણપોષણ માટેના માસિક ભથ્થા સંબંધી (આ કલમ હેઠળની) કાર્યવાહી અનિર્ણીત હોય તે દરમિયાન આવા સંતાનો અથવા સગાસંબંધીઓને, માતાપિતા સહિત આવા વરિષ્ઠ નાગરિકોના વચગાળાના ભરણપોષણ માટે માસિક ભથ્થું ચૂકવવાનો અને ટ્રિબ્યુનલ વખતોવખત આદેશ આપે તે મુજબ ચૂકવી આપવાનો હુકમ કરી શકશે.

(૧૧) કલમ ૫ ની પેટા-કલમ (૨) હેઠળ દાખલ કરેલી અરજીનો નિકાલ આવી વ્યકિતને નોટિસ બજાવ્યાની તારીખથી નેવુ દિવસની અંદર કરવાનો રહેશેઃ

પરંતુ ટ્રિબ્યુનલ કારણોની લેખિતમાં નોંધ કરીને, અપવાદરૂપ સંજોગોમાં સદરહુ મુદતને વધુમાં વધુ ત્રીસ દિવસ માટે એક વખત લંબાવી શકશે.

(૧૨) ભરણપોષણનો હુકમ એકથી વધુ વ્યકિતઓની વિરૂધ્ધ કરવામાં આવે ત્યારે કોઇ વ્યકિતના મૃત્યુથી અન્ય વ્યકિતઓએ ભરણપોષણ ચૂકવવાનું ચાલુ રાખવાની અન્ય વ્યકિતઓની જવાબદારીને અસર થતી નથી.

(૧૩) ભરણપોષણ માટેનું આવું કોઇપણ ભથ્થું અને કાર્યવાહી માટેનું ખર્ચ હુકમની તારીખથી અથવા ટ્રિબ્યુનલ એવો હુકમ કરે તો ભરણપોષણ માટેની અરજી દાખલ કર્યાની તારીખથી ચૂકવવાપાત્ર ગણાશે.

(૧૪) આવી રીતે ભરણપોષણ ચૂકવી આપવાનો જેને હુકમ કર્યો હોય તે સંતાનો અથવા સગાસંબંધી ટ્રિબ્યુનલના હુકમનું પૂરતા કારણ વગર પાલન ન કરે તો, ટ્રિબ્યુનલ, હુકમના દરેક ઉલ્લંઘન બદલ, દંડ વસૂલ કરવા માટે જોગવાઇ કરેલી રીતે બાકી રકમ લેવા માટેનું વોરંટ કાઢશે અને ભરણપોષણ માટેના દરેક મહિનાના સમગ્ર ભથ્થા અથવા તેના કોઇ ભાગ માટે અને કાર્યવાહીના ખર્ચ માટે અથવા યથાપ્રસંગ, વોરંટ કાઢ્યા પછી વણચૂકવાયેલી રહેતી રકમ માટે એક મહિનાની મુદત સુધીની અથવા ચુકવણી ન થાય ત્યાં સુધી- એમાંથી જે વહેલી હોય તેટલી મુદત સુધીની કેદની સજા આવી વ્યકિતને કરી શકશેઃ

પરંતુ આવી રકમ જે તારીખથી લેણી બનતી હોય તે તારીખથી ત્રણ મહિનાની અંદર સદરહુ રકમ વસૂલવા માટે ટ્રિબ્યુનલને અરજી કરી હોય તે સિવાય કલમ ૫ હેઠળની કોઇ બાકી રકમની વસૂલાત માટે કોઇ વોરંટ કાઢી શકાશે નહિઃ

(૧૫) ટ્રિબ્યુનલ, વરિષ્ઠ નાગરિકો દ્વારા મુકવામાં આવતી બાંધી મુદતની થાપણો પણ રાષ્ટ્રીયકૃત બેન્કો અથવા સ્ટેટ બેન્ક અથા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાએ ઠરાવેલા હોય તેનાથી ઓછા ન હોય તેટલા દરે સાદુ વ્યાજ ભરણપોષણની બાકી રકમ પર ચૂકવી આપવાનો હુકમ કરી શકશે.

(૧૬) આ નિયમ હેઠળની કોઇ કાર્યરીતિ હાથ ધરતી વખતે અથવા હુકમ કરતી વખતે ટ્રિબ્યુનલ, અધિનિયમની કલમ ૭ હેઠળની દીવાની કોર્ટની સત્તા ધરાવશે.

**૫ ભરણપોષણ ભથ્થા માટેનો હુકમ :**

સંતાનો અથવા યથાપ્રસંગ, સગાસંબંધીઓ પોતાનું ભરણપોષણ કરી શકવા અસમર્થ એવા કોઇ વરિષ્ઠ નાગરિકનું ભરણપોષણ કરવામાં ઉપેક્ષા અથવા ઈન્કાર કરે તો, ટ્રિબ્યુનલ, આવી વરિષ્ઠ નાગરિકના ભરણપોષણ માટે ટ્રિબ્યુનલ યોગ્ય ગણે તેટલા માસિક દરે ભથ્થું કરી આપવાનો અને પોતે વખતોવખત ફરમાવે તે મુજબ આવા વરિષ્ઠ નાગરિકને ચૂકવી આપવાનો હુકમ કરશે.

પરંતુ ભરણપોષણ ભથ્થાની રકમ માસિક રૂા. ૫,૦૦૦ ના દરે હોવી જોઇશે; જેની સમીક્ષા રાજ્ય સરકાર વખતોવખત કરી શકશે.

**૬. અપીલ ટ્રિબ્યુનલની રચના :**

૧. રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી ટ્રિબ્યુનલના હુકમથી નારાજ થયેલી વ્યકિતઓ તરફથી થયેલી અપીલની સુનાવણી માટે દરેક જિલ્લા દીઠ અપીલ ટ્રિબ્યુનલની રચના કરશે.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા રાજ્ય સરકારના અધિકારી અથવા તેને સમકક્ષ હોદ્દો ધરાવતા અધિકારી અપીલ ટ્રિબ્યુનલનું અધ્યક્ષસ્થાન લેશે.

**૭. વરિષ્ઠ નાગરિકોની તબીબી સંભાળ માટેની જોગવાઇ :**

રાજય સરકાર એવું સુનિશ્ચિત કરશે કે :-

(૧) સરકારી હોસ્પિટલોમાં અથવા સરકાર તરફથી પૂર્ણપણે અથવા આંશિક ફંડ મેળવતી હોસ્પિટલોમાં વરિષ્ઠ નાગરિકો માટેની પથારીઓ નક્કી કરીને અલગ રાખવામાં આવે.

(૨) તમામ સેવા બારીઓ ખાતે વરિષ્ઠ નાગરિકો માટે અલગ કતારની વ્યવસ્થા કરવામાં આવે.

(૩) દીર્ઘકાલીન, મરણાંતર અને અવનતિકારક રોગોની સારવાર માટેની સવલતો વરિષ્ઠ નાગરિકો માટે વધારવામાં આવે.

(૪) જરા-વૃધ્ધત્વ સારવાર અને સંભાળ સેવાઓ ધરાવતી સરકારી હોસ્પિટલોમાં જરા-વૃધ્ધત્વ રોગીઓ માટે અલગ સવલતો રાખેલી છે.

**૮. અમલીકરણ સત્તાધિકારીઓ :-**

(૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમની જોગવાઇઓનો અમલ યોગ્ય રીતે થાય છે તેવું સુનિશ્ચિત કરવાના હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટને પોતે યોગ્ય ગણે તેવી સત્તા સોંપી શકશે અને એવી ફરજો લાદી શકશે. જિલ્લા મેજિસ્ટ્રેટ, પોતાના તાબા હેઠળનો અધિકારી નિર્દિષ્ટ કરી શકશે જે પોતાને એવી રીતે મળેલી તમામ અથવા તે પૈકીની કોઇ સત્તા વાપરી શકશે અથવા પોતાની પર એવી રીતે લાદેલી કામગીરી અદા કરશે અને અધિકારીઓ જેની અંદર આવી સત્તા વાપરશે અથવા ફરજો બજાવશે તે સ્થાનિક હદો જાહેર કરવામાં આવે તે મુજબની રહેશે.

(૨) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને રાજયના વરિષ્ઠ નાગરિકોના જાનમાલને પૂરતું રક્ષણ પુરૂં પાડવા માટેની સર્વગ્રાહી કાર્યયોજના ઠરાવશે.

(૩) રાજય સરકાર કામગીરીનું સંકલન કરવા માટે અને અધિકારીઓની કામગીરીની સમીક્ષા કરવા માટે તમામ સંબંધિત વિભાગો અને એક અથવા બે બિનસરકારી સંગઠનોની એક સંકલન સમિતિ નીમશે.

**૯. અધિકારીઓને રાજયસેવક ગણવા બાબત :-**

અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળના કાર્યો કરવા માટે નીમેલા દરેક અધિકારી અથવા કર્મચારીગણના સભ્યો ભારતીય દંડ સંહિતાની કલમ ૨૧ના અર્થમાં જાહેર સેવકો હોવાનું ગણાશે.

**૧૦. શુધ્ધ બુધ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ :-**

અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની અથવા હુકમોની જોગવાઇ અનુસાર શુધ્ધ બુધ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કૃત્યના સંબંધમાં રાજય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ અથવા સરકારના કોઇ અધિકારીની વિરૂધ્ધ કોઇ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી કરી શકાશે નહિ.

## નમૂનો-૧

## (જુઓ નિયમ-૪ (૧))

## ભરણપોષણ માટેનું અરજીપત્રક

**પ્રતિ,**
**ભરણપોષણ ટ્રિબ્યુનલ,**
**(સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ)**
**................ જિલ્લો ................**

માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબતના અધિનિયમ, ૨૦૦૭ની કલમ ૪ (૧) હેઠળ ભરણપોષણ ખર્ચ માટે નીચેની અરજીને વિચારણામાં લેવા વિનંતી છે. વિગતો નીચે પ્રમાણે છે :-

૧. અરજદારનું નામ : ..........................................................................................
(વરિષ્ઠ નાગરિક/માતાપિતા/સ્વૈચ્છિક સંગઠન)

૨. પિતા/પતિનું નામ : ..........................................................................................
(જ્યાં અને જે રીતે લાગુ પડતું હોય તે પ્રમાણે)

૩. પુરૂં સરનામું : ગામ/વિસ્તાર ........................................................
વિભાગ/પોસ્ટઓફિસ ........................................................
તાલુકો:.....................જિલ્લો: ..........................પીન કોડ: .................

૪. જેની વિરૂધ્ધ અરજી રજૂ થઇ હોય તે સંતાનો/સગાસંબંધીનું નામ અને સરનામું :
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
નિશાની કરો : સંતાનો/સગાસંબંધી

૫. **અરજદારની જાણ મુજબ સંતાનો/સગાસંબંધીની તમામ સ્ત્રોતમાંથી થતી કુલ વાર્ષિક આવક :**
વિગતવાર રજૂઆત અને ઈચ્છિત ઉપાય :

**ખરાઇ :**

હું આથી ખરાઇ કરી આપું છું કે ઉપર જણાવેલી વિગતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે અને તેની ખરાઇ અર્થે હું અહીં મારી સહી કરૂં છું.

..........................................
(અરજદારની સહી)

**નોંધ :** અધિનિયમની કલમ ૫ (૧) (ખ) હેઠળ, ટ્રિબ્યુનલ સમક્ષ ફરિયાદ દાખલ કરવા માટે કોઇ સંગઠન પણ અધિકૃત છે. આ હેતુ માટે, સંગઠન એટલે મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અથવા મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલું કોઇ પણ સ્વૈચ્છિક મંડળ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**જયદીપ દ્વિવેદી,**
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.